सा विद्या या विमुक्तये

# શારદ

વર્ષ ૨૦ જાન્યુઆરી ૨૦૦૦ અંક ૩

## વાલીઓને..........

શિક્ષણ એ સતત ચાલતી પ્રક્રિયા છે. નાનું બાળક તેના આજુબાજુના સંજોગોમાંથી સતત શીખતું રહે છે. ત્યારે તેને જ્ઞાન આપવાની પ્રક્રિયા અને કેળવવાની પ્રક્રિયા સાથોસાથ થાય , તે આદર્શ પરિસ્થિતિ છે. હાલનાં સંજોગોમાં તો જાણે કે જ્ઞાન આપવાની પ્રક્રિયા જ માત્ર શાળાની જવાબદારી હોય તેવું બની ગયું છે. અને શાળાઓ પણ જાણે માત્ર આ જ જવાબદારી નિભાવવાની હોય તેવું માને છે.

વિદ્યાર્થીઓને જ્ઞાન આપવાની પ્રક્રિયામાં તેણે કેટલું જ્ઞાન મેળવ્યું તે પણ જોતા જવું જોઈએ એટલે તેને કેટલું પચ્યું છે તે ચકાસતાં જવું જોઈએ.

મુશ્કેલી એ છે કે સાહજીક રીતે ચકાસણીની આ પ્રક્રિયાને પરીક્ષાનું સ્વરૂપ પ્રાપ્ત થયું છે. અને પરીક્ષા એટલે તેણે કેટલું જ્ઞાન મેળવ્યું છે તેની પારાશીશી તેણે મેળવેલા ગુણ ઉપરથી નક્કી થવા લાગી છે. આ ગુણ ગમે તે રસ્તે આવ્યા હોય પણ તે આંક જ તેણે મેળવેલા જ્ઞાનનું જાણે કે માપ બની ગયું છે. ઉપરના સ્તરે આ માપ ઉપરથી તેની કેરીયર નક્કી થતી હોઈ તેનું મહત્વ વધી ગયું છે. આ પરિસ્થિતિ બદલી શકાય તેમ તો અત્યારે લાગતું નથી પરંતુ તેની મર્યાદા નક્કી કરીને નીચેની કક્ષાએ તેનું મહત્વ ઘટાડે જ છૂટકો. સાવ પ્રાથમિક કક્ષાએ જે ગુણ પ્રાપ્તિનું મહત્વ વધ્યું છે તે પરિસ્થિતિ જરાય આવકારદાયક નથી આ કક્ષાએ બાળક જે ગુણ મેળવે છે તે અનેક પરિબળોને લઈને મેળવતું હોય છેતે આપણે સમજવું જોઈએ. ઘણીવાર બાળક એ બાબતમાં ગંભીર જ હોતું નથી. કેટલીકવાર તેને જે આવડતું હોય તેને બદલે બીજા જ પ્રશ્ન પૂછયા હોય તો તે સારો દેખાવ કરી શકતું નથી. એથી ઉલટું તેને આવડતાં વિસ્તારમાંથી જ પ્રશ્ન પૂછ્યા હોય તો નબળું દેખાવાને બદલે તે હોંશિયાર હોય તેવો ભ્રમ ઊભો થાય છે. બાળકનાં મનની પરિસ્થિતિ પણ મહત્વનો ભાગ ભજવે છે. અમુક પરિસ્થિતિમાં તે જે જવાબ આપી શકે છેતે અન્ય પરિસ્થિતિમાં આપી ન પણ શકે તેવું બને ,પ્રાથમિક કક્ષાએ યાદશક્તિ આધારીત પ્રશ્નનું મહત્વ ન હોવું જોઈએ. છતાં જયારે પરીક્ષાની વાત આવે છે ત્યારે યાદશક્તિ આધારીત પ્રશ્નો તેના મૂલ્યાંકનમાં મહત્વનો ભાગ ભજવે છે.

વાલીઓએ સમજવું જોઈએ કે ચકાસણી અને પરીક્ષા બંને અલગ વસ્તુ છે, અને જ્યારે જ્યારે ચકાસણીના પ્રયત્નો કરીએ ત્યારે વાલી 'અમને આગોતરી જાણ કર્યા સિવાય પરીક્ષા લેવાતી હોઈ બાળક સારા ગુણ લાવી શકશે નહી.'તેવી બીક સેવતાં હોય છે. અને તેથી અમારી આવી ચકાસણી પ્રક્રિયામાં અત્યંત વિક્ષેપ પડતો અમને જણાયો છે.આવા પ્રાથમિક ધોરણમાં પરીક્ષા કેગુણ મહત્વના નથી.જાહેર પરીક્ષાએ જે મૂલ્યો ઊભા કર્યા છે તેની આડ અસરનો ભોગ આ કક્ષાના બાળકોને બનવું પડે નહી તેવી પરિસ્થિતિનું નિર્માણ કરવું ઘટે.

ના વંદન

## 'હવે તો પરીક્ષા પતી ગઈ છે '

હજી તો કુનાલ પરીક્ષાનું છેલ્લું પેપર આપીને ઘરમાં આવ્યો ને ઉપરાઉપરી તેનાં ભાઈબંધના ફોન ચાલુ થઈ ગયાં...' બોલને યાર સાંજે કયાં જઈશું ?...'' '' યાર એ હોટલ તો બહુ જ મોંઘી છે, મારી મમ્મી ના કહે છે... ''

" તું તો એવો ને એવો રહ્યો..આજે પરીક્ષા પૂરી થઈ છે..મમ્મીને કહી દે કે બધાંએ નક્કી કર્યું છે ને અમે તો એ હોટલમાં જવાનાં જ છીએ..જો પાછો ફસકી ન જતો, અમે તારી સાડાસાતે રાહ જોઈશું...અને જો..ગમે તેમ કરી એકાદ મોટી નોટ લેતો આવજે.. પછી છેલ્લી વખતે હા,ના ન કરતો સમજ્યો ?.. તો મળીએ છીએં સાંજે હોં ! બાય !..."

અને કુનાલના મમ્મીનાં માથામાં ચકરાવો શરૂ થયો.. છેલ્લા મહીનાથી પરીક્ષાનો કાર્યક્રમ આવ્યો ત્યારથી કુનાલને વાંચવા માટે સતત ટોકવો પડતો હતો.. અને આખાય ઘરનું વાતાવરણ જાણે તંગ રહેતું હતું.. 'હવે છોકરાંઓને ભણવું કેમ નહી ગમતું હોય !..પરીક્ષા આવે એટલે માબાપને માથે પાર વીનાનું ટેન્શન... ઝડપથી આગળ વધી રહેલી ટેકનોલોજી સાથે કદમ મીલાવવા હોય તો રોજેરોજ અભ્યાસમાં તો જાગૃતિ રાખવી જ પડે ,નહીં તો સારાં માર્કસ ન આવે અને ભાવિ કારકિર્દી કેવી રીતે બનાવી શકાય ? અને પરીક્ષાનો છેલ્લો દિવસ હોય એટલે માબાપને એમ થાય " હાંશ હવે ..શાંતિ.." પણ ત્યાં તો બીજું ટેન્શન ઊભું થાય.. કૂદકે ને ભૂસકે વધતી જતી મોંઘવારીમાં દરેક માબાપે ખર્ચનો વિચાર તો કરવો જ પડે ને છતાંય માબાપ અવારનવાર છોકરાંઓને સાથે લઈને બહાર ખાવા જતાં જ હોય છે, તે છતાંય પરીક્ષા પૂરી થાય એટલે ભાઈબંધોએ સાથે મળીને હોટલમાં ખાવા જવું જ એ પ્રવાહ આવતો જાય છે ત્યારે માબાપોના મનમાં મૂંઝવણ કેટલી વધી જાય છે !..

પૈસાનો પ્રશ્ન તો ખરો જ પણ આટલા નાનાં છોકરાંઓ એકલા હોટલમાં જતાં થઈ જાય..એવી ટેવ પડતી જાય..તો એ આગળ કયાં જઈને અટકે! આરોગ્યની દ્રષ્ટિએ પણ વિચારીએ તો આજે આ બધું બહારનું ખાવાનું હાનીકારક તો હોય જ, ઊગતી એ પેઢીનું આરોગ્ય કથળે તો કેમ ચાલે ? એ ભાવિ પેઢી પર તો આપણે મીટ માંડીને બેઠાં છીએ, એ જ પેઢીમાં જો આ બધું જોવા મળે તો આપણે બાંધેલો બધો જ મદાર કકડભૂસ થઈને તૂટી પડશે. બે ચાર સુખી છતાં અણસમજુ માબાપનાં સંતાનોનાં પગલે પગલે આ પ્રવાહમાં બધાંને જ તણાવું પડે ત્યારે માબાપોને માટે તો ' કહેવાય નહીં ને સહેવાય નહીં જેવી પરિસ્થિતિ ઉભી થઈ જાય છે. સ્કુલ છૂટે ત્યારે પણ આજુબાજુનાં આઈસ્ક્રીમ પાર્લરોમાં છોકરાં છોકરીઓનાં ટોળેટોળા આઈસ્ક્રીમ કેન્ડી ખાતાં નજરે પડે છે ને ત્યારે મનમાં વિચાર આવે છે આ બધાંને આટલો બધો પોકેટ એકસપેન્સ કેવી રીતે પોસાતો હશે?..છોકરું લગભગ છઠ્ઠા

સાતમામાં આવે ત્યારથી ખિસ્સામાં પંદર વીસ રૂપિયા તો જોઈએ જ એવો આગ્રહ રાખતું થઈ જાય છે, અને એકવાર હાથમાં પૈસા આવે એટલે સારાસારનો વિવેક ચૂકીને તે મન ફાવે તેવી બહારની વસ્તુઓ ખાતું થઈ જાય છે, પછી ભલે ને તે આરોગ્યને હાનિકારક હોય ! લારીમાંથી આંબોળીયા, આંબળા, ગોરસઆમલી કેટકેટલી લોભામણી ચીજો સ્કૂલની આસપાસ હોય છે ! સ્કૂલ એ લારીઓને હાંકી કાઢવા ગમે તેટલા પ્રયત્નો કરે પણ તેને ય કેટલીક મર્યાદા નડે છે. ને હાથમાં પૈસા આવે એટલે એ ખરચવાની ખણજ તો ઉપડે જ...ને તેમાં ય કયાંક ગુટખા કે ડ્રગ્સને રવાડે જો બાળક ચઢી ગયું તો ! આપણું બાળક બહુ જ ભારે પ્રદૂષણ વચ્ચે ઉછરી રહ્યું છે, આપણે સતત સજાગ રહેવાની જરૂર છે, એનાં હાથમાં પૈસા આપવાને બદલે એને મન થાય તે વસ્તુ આપણે જ ખરીદીને આપીએ તે જ વધુ સારું નથી ! પણ એને માટે આપણે મક્કમ થવું જ પડશે, આખરે તો તે આપણાં જ સંતાનના હિત માટે જ છે ને !

**ઊર્મિલા શાહ**

## સુખદ સંભારણું

શ્રી જ્યોત્સ્નાબેન શોધને ઘણાં લાંબા સમય સુધી શારદામંદિર બાલમંદિરમાં પોતાની માનદ્ સેવાઓ આપી અને શારદામંદિરના બાલમંદિરના વિકાસમાં અમૂલ્ય ફાળો આપ્યો તે બદલ અમદાવાદની અત્યંત પ્રતિષ્ઠિત બાલસંસ્થા ‘ઢીંગલીઘર’તરફથી તેમનું તા. ૨૬-૧૨-૯૯ના રોજ બહુમાન કરવામાં આવ્યું અને ઢીંગલીઘરનાં વડીલશ્રી શાંતાબેન રાજપ્રિયે તેમનું શાલ ઓઢાડી સન્માન કર્યું.આ પ્રસંગે શારદામંદિરના નિયામક શ્રી દિનુભાઈએ જયોત્સ્નાબેને આપેલી સેવાની વિગતો આપતાં જણાવ્યું કે શારદામંદિરના બાલમંદિરમાં શ્રી જયોત્સ્નાબેન સંસ્થા સાથે સંપૂર્ણ એકરૂપ બની ગયાં હતાં ભાગ્યે જ જોવા મળે તેવો અઢળક પ્રેમ તેમણે બાળકોને આપ્યો છે. શ્રી દિનુભાઈએ જણાવ્યું કે શ્રી જયોત્સ્નાબેને નાના બાળકોને કનૈયા સ્વરૂપે જ જોયા છે અને યશોદાના પ્રેમથી તેમણે બાળકોને નવાજ્યા છે. તેમણે જયોત્સ્નાબેનની કામ કરવાની વિગતો અંગે સંતોષ વ્યક્ત કરતાં જણાવ્યું કે જયોત્સ્નાબેન નાનામાંનાની ચીવટ રાખીને કામ કરવા ટેવાયેલા હતાં અને શિસ્તનાં આગ્રહી હતાં. પરંતું તેમણે પોતાનાં માયાળુ સ્વભાવથી સૌ કાર્યકરોના દિલ જીતી લીધા હતાં.તેમણે વિગતથી બાલમંદિરમાં જે પ્રવૃતિ થતી તેના સંભારણાં રજૂ કર્યા હતાં અને આવા એક પ્રતિષ્ઠિત કુટુંબમાંથી આવેલા બેનની માનદ્ સેવાનો લાભ સંસ્થાને મળ્યો તેને તેમણે સંસ્થાનું સદ્ભાગ્ય ગણાવ્યું હતું. આ સાથે જયોત્સ્નાબેન સાથે જેમણે ઘનિષ્ટ કામ કર્યું હતું તેવા માનદ્ કાર્યકર શ્રી સ્મીતાબેન ઝવેરી સહીત અનેક સહકાર્યકરો લાગણીપૂર્વક ઉપસ્થિત રહ્યા હતાં. આખોય સમારંભ સર્વાંગ સુંદર રહ્યો. તેમાં 'ઢીંગલીઘર'નાં આયોજકોની આગવી સૂઝ નજરે પડતી હતી. આપ્રસંગે અમદાવાદના જાણીતા મનોચિકિત્સક શ્રી ડો. મૃગેશભાઈ વૈષ્ણવે વાલીઓને અત્યંત ઉપયોગી થાય તેવું મનનીય પ્રવચન કર્યું હતું અને વાલીઓએ પણ પ્રશ્નોત્તરી ધ્વારા ભારે ઉત્સાહ દાખવ્યો હતો. રવિવારની બપોર હોવા છતાં કાર્યક્રમમાં સંતોષ થાય તેવી સંખ્યામાં વાલીઓએ પણ ભાગ લીધો હતો. એક સુંદર કાર્યક્રમમાં હાજર રહ્યાનો સૌને સંતોષ થયો હતો.

### જીવંત જીવન

જ્યારેતમે કશું સર્જનાત્મક કામ કરો છો ત્યારે તમે તમારી જીંદગી જીવો છો,જ્યારે તમે લખો છો, ચિત્રકામ કરો છો, મકાન બનાવો છો, રસોઈ બનાવો છો, અને એ કામને ચાહો છો ત્યારે તમે જીવંત છો.

જ્યારે તમે એકચિત્ત થઈને વાંચો છો, સંગીત સાંભળો છો, નૃત્ય જુઓ છો, કોઈ સુંદર મકાન કે મુખ જુઓ છો ત્યારે તમે જીંદગી સાથે એકરૂપ બની જાઓ છો. **કેલીડોસ્કોપ**

# સંસ્થાકીય સમાચાર

## બાલમંદિર

તા.૪-૧૨-૯૯ ને શનીવારે બ વિભાગનાં બાળકોનો તથા ૧૧-૧૨-૯૯ ને શનીવારે તાલીમનાં બાળકોનો લો-ગાર્ડનનો પ્રવાસ યોજાયો. બાળકો ત્યાં ખૂબ ખેલ્યાં કૂદયાં ને મઝા કરી.

તા.૧૫-૧૨-૯૯ને બુધવારે તાલીમનાં બાળકોએ તથા ૨૩-૧૨-૯૯ને ગુરુવારે બ વિભાગનાં બાળકોએ આમ્રકુંજ, અક્ષરધામ, ફનવર્લ્ડ તથા ઈંદ્રોડાપાર્કની મુલાકાત લીધી. બાળકોને આવા પ્રવાસમાં આનંદ સાથે ઘણી માહિતી અને જ્ઞાન મળે છે. બાળકોએ પ્રવાસને ખૂબ માણ્યો.

તા.૨૪-૧૨-૯૯ને શુકવારે બાલમંદિરનાં બાળકોએ નાતાલનું પર્વ ઉજવ્યું. ચિ. યક્ષ શાહ સાન્તાકલોઝ બન્યો અને સૌ બાળકોને ભેટ આપી. બાળકોએ ખુશખુશાલ બની નાતાલ ઉજવી.

તા.૨૭,૨૮,૨૯ ડિસેમ્બરના રોજ બાળકો માટે રમતગમતની સ્પર્ધા યોજવામાં આવી. બાળકો ખૂબ ઉત્સાહભેર વિવિધ રમતો રમ્યાં.

## શિશુમંદિર

**આંતરગૃહ સ્પર્ધાઓ :**

**અભિનંદન કાર્ડ સ્પર્ધા** તા.૨૮-૧૦-૯૯
- પ્રથમ નિર્ઝરી શાહ
- દ્વિતીય મેઘાવી ભટ્ટ
- તૃતીય પ્રિયલ શાહ

**આરતી સ્પર્ધા** તા.૨૮-૧૦-૯૯
- પ્રથમ રિધ્ધિ મહેતા
- દ્વિતીય રોમા શાહ, રોહન શાહ
- તૃતીય ભૂમિકા શાહ, દર્શિની ત્રિવેદી

**અલ્પના સ્પર્ધા** તા.૨૯-૧૦-૯૯
- પ્રથમ શિવાંગી ટંકશાળી
- દ્વિતીય શચિ ત્રિવેદી
- તૃતીય ઋજુતા દેસાઈ

**રંગોળી સ્પર્ધા** તા.૨૯-૧૦-૯૯
- પ્રથમ માનસી વકીલ
- દ્વિતીય મૈત્રી શાહ
- તૃતીય આનલ વસાવડા, કુશલ રેશમવાલા

**અંગ્રેજી નિબંધ સ્પર્ધા** તા.૪-૧૨-૯૯
- પ્રથમ સાગર પારેખ (મેઘનાદ)
- દ્વિતીય રીમા જોશી (મેઘનાદ)
- તૃતીય હેલી શાહ (રત્નદીપ), રાહુલ શાહ (રત્નદીપ)

**ગુજરાતી નિબંધ સ્પર્ધા** તા.૪-૧૨-૯૯
- પ્રથમ વૈશલ દલાલ (મેઘનાદ)
- દ્વિતીય બંદીશ સોપારકર (મેઘનાદ), કક્ષા શાહ (ધવલગિરિ)
- તૃતીય નિધિ શાહ (ગંગોત્રી), પરીન ગાંધી (રત્નદીપ)

કેરમ સ્પર્ધા ( ડબલ્સ )    તા.૭-૧૨-૯૯

| | | | |
|---|---|---|---|
| | પ્રથમ | જીગર શાહ | ( ધવલગિરિ ) |
| | | મુકુન્દ શ્રીમાળી | ( ધવલગિરિ ) |
| | દ્વિતીય | નિરજ ડાભી | ( મેઘનાદ ) |
| | | ઋષાંગ મહેતા | ( મેઘનાદ ) |
| | તૃતીય | વિસ્મય શાહ | ( રત્નદીપ ) |
| | | રાજદીપ પરીખ | ( રત્નદીપ ) |

ચેસ સ્પર્ધા    તા.૧૩-૧૨-૯૯

| | | | |
|---|---|---|---|
| | પ્રથમ | સાગર પારેખ | ( મેઘનાદ ) |
| | દ્વિતીય | હાર્દ શાહ | ( રત્નદીપ ) |
| | તૃતીય | સપન શાહ | ( રત્નદીપ ) |

બેડમિંગ્ટન સ્પર્ધા    તા.૨૦-૧૨-૯૯

| | | | |
|---|---|---|---|
| બહેનો | પ્રથમ | પીના જોશી | ( મેઘનાદ ) |
| | દ્વિતીય | પરિતા દેસાઈ | ( મેઘનાદ ) |
| | તૃતીય | હેલી મહેતા | ( ગંગોત્રી ) |
| ભાઈઓ | પ્રથમ | રાહુલ શાહ | ( રત્નદીપ ) |
| | દ્વિતીય | પરીન ગાંધી | ( રત્નદીપ ) |
| | તૃતીય | કથન મહેતા | ( મેઘનાદ ) |

ટેબલ ડેકોરેશન સ્પર્ધા    તા.૨૩-૧૨-૯૯

| | | | |
|---|---|---|---|
| ભાઈઓ | પ્રથમ | શૈલ શાહ,અમલ ગાંધી | ( ગંગોત્રી ) |
| | દ્વિતીય | રાહુલ શાહ,હર્ષ ગાંધી | ( રત્નદીપ ) |
| બહેનો | પ્રથમ | એષા મહેતા,વિધિ શાહ | ( ગંગોત્રી ) |
| | દ્વિતીય | હેલી શાહ, રોમા શાહ | ( રત્નદીપ ) |

નાતાલ કોર્નર    તા.૩૦-૧૨-૯૯

| | | | |
|---|---|---|---|
| ભાઈઓ | પ્રથમ | પાર્થ પટેલ,મૌલિક વ્યાસ | ( ગંગોત્રી ) |
| | દ્વિતીય | રાહુલ શાહ, હર્ષ ગાંધી | ( રત્નદીપ ) |
| બહેનો | પ્રથમ | એષા મહેતા, વિધિ યુ.શાહ | ( ગંગોત્રી ) |
| | દ્વિતીય | અનેરી દેસાઈ,જયાયસી દેસાઈ | ( રત્નદીપ ) |

તા.૨૭-૯-૯૯નાં રોજ ધો.૧ થી ૪માં સુલેખન સ્પર્ધા યોજવામાં આવી.

તા.૧૬-૧૨-૯૯નાં રોજ કલા પ્રતિભા શોધ ચિત્ર સ્પર્ધા યોજવામાં આવી.

## નાતાલ કોર્નર

તા. ૩૧-૧૨-૯૯ના રોજ શિશુમંદિરમાં બાળકોએ નાતાલ કોર્નરની સ્પર્ધા યોજી. બાળકોએ જેરૂસલેમમાં ઈશુના જન્મથી માંડી ક્રિસમસ ટ્રી, સાન્ટાક્લોઝ વિગેરેના આયોજન કરી સુંદર દશ્યોની સજાવટ કરી. તેમાં તેની કલાદ્રષ્ટિ અને સૂઝ આબેહૂબ વ્યકત થતાં હતાં.

## વિનયમંદિર

આંતરગૃહ રંગોળી સ્પર્ધા

| | | |
|---|---|---|
| પ્રથમ | કૃપા વ્યાસ | ( ચંદ્રમૌલિ ) |
| દ્વિતીય | રિશિત ભટ્ટ | ( પદ્મપુકુર ) |
| તૃતીય | ખ્યાતિ જાડેજા | ( મેઘદૂત ) |

વર્ગ સુશોભન સ્પર્ધા : તા.૩૧-૧૨-૯૯નાં રોજ વર્ગ સુશોભન સ્પર્ધા યોજાઈ. જેમાં    પ્રથમ    ૮ - બ

દ્વિતીય    ૮ - ક, ૯ - અ

વર્ગ સુશોભન : તા. ૩૧-૧૨-૯૯ના રોજ ધો. ૮,૯ના વિદ્યાર્થીઓએ વર્ગ સુશોભન કર્યું. ૧૯૯૯ની વિદાય અને ૨૦૦૦ની સાલને આવકાર ભારતીય સંસ્કૃતિને છાજે તે રીતે સુશોભન કર્યું. વિદ્યાર્થીઓની ભારે જહેમત, સૂઝ અને દ્રષ્ટિ તેમાં વ્યકત થતા હતા. **સૌ વિદ્યાર્થી ભાઈબહેનોને અભિનંદન**

## સંસ્થાનું ગૌરવ

શારદામંદિરના ભૂતપૂર્વ વિદ્યાર્થી ભાઈ સનત શોધનનું વાઈલ્ડ લાઈફ ઉપરનું એક અત્યંત સુંદર પ્રદર્શન શ્રી રવિશંકર આર્ટ ગેલેરીમાં તા. ૨૭-૧૨-૯૯ થી તા. ૨-૧-૨૦૦૦ સુધી યોજાઈ ગયું. પ્રદર્શનનું ઉદઘાટન WWFનાં પ્રમુખ શ્રી ઉદયન ચીનુભાઈએ કર્યું. વાઈલ્ડ લાઈફ ફોટોગ્રાફી અત્યંત વિકટ અને જોખમી છે. ઘણાં લાંબાં સમય સુધી ધીરજ રાખીને આ ફોટોગ્રાફી કરવી પડે છે કારણ કે ફોટોગ્રાફીના પાત્રો ઉપર ફોટોગ્રાફરનું કોઈ નિયત્રંણ શકય નથી. અણધારી તકનો લાભ લઈને જ આ ફોટોગ્રાફી કરવી પડતી હોય છે.આમ છતાં ખૂબ જ સમૃધ્ધ કહી શકાય તેટલાં ચિત્રો ભાઈ સનત લઈ શકયા છે તે તેમની આગવી સૂઝ ,ધીરજ અને સાહસિક ખમીર બતાવે છે. ફોટોગ્રાફની ટેકનીકની દ્રષ્ટિએ પણ ઉત્કૃષ્ટ કહી શકાય તેવી કક્ષા જણાઈ હતી. આવું સુંદર એકઝીબીશન રજૂ કરવા બદલ ભાઈ સનતને ખૂબ જ અભિનંદન.

હિંસા વિરોધક સંઘ આયોજીત હિન્દી વિભાગની વાર્તા સ્પર્ધામાં સંસ્થાનાં શિક્ષિકા બેનશ્રી નિકુંજબેન જાનીને દ્વિતીય પુરસ્કાર પ્રાપ્ત થયો છે.

**ગૌરવ પુરસ્કાર**

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી તરફથી યોજાયેલ દ્વિતીય પુરુષાર્થ ગૌરવ એવોર્ડ એનાયત સમારંભ તા. ૨૧-૧૦-૯૯ ને ગુરુવારે યોજાયો જેમાં ચિ.અંશિની ભટ્ટને રાજ્ય રોલર સ્કેટીંગ એસોસીએશન દ્વારા યોજાયેલ ૧૮મી રાજકક્ષાની રોલર સ્કેટીંગ ચેમ્પીયનશીપમાં અન્ડર ૬માં ફ્રી સ્કેટીંગમાં દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરવા બદલ ગૌરવ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો. જ્યારે ચિ.જીલેશ ગાંધીને ગુજરાત રાજ્ય ચેસ એસોસીએશન દ્વારા યોજાયેલ અન્ડર-૧૮ બોયઝ વિભાગની રાજ્યકક્ષાની ચેસ ટુર્નામેન્ટમાં દ્વિતીય સ્થાન મેળવવા બદલ ગૌરવ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો. બંને વિદ્યાર્થીને ખૂબ ધન્યવાદ.

શંકર્સ ઈન્ટરનેશનલ ચાઈલ્ડ આર્ટસ્ કોમ્પીટીશનમાં ચિ.ઋતુ પ્રદીપભાઈ શાહ તથા ચિ. વેદાંત ચાવડાને રૌપ્યચંદ્રકો મળ્યાં છે. સંસ્થા તે માટે ગૌરવ અનુભવે છે.

Centre for Cultural Resources and Training તરફથી યોજાતી Cultural Talent Serch Scholarship સ્કીમ હેઠળ ચિ. માનસી જોષીને ' ભરતનાટયમ્ ' નૃત્ય માટે સ્કોલરશીપ મળી છે. બહેન માનસીને નૃત્ય ક્ષેત્રે ઉજવળ કારકિર્દી માટે શુભેચ્છા સાથે અભિનંદન.

– ચંદીગઢ ખાતે યોજાયેલ ૩૭મી રાષ્ટ્રીય રોલર સ્કેટીંગ સ્પર્ધામાં ચિ.અંશિની ભટ્ટે આર્ટીસ્ટીક સ્કેટીંગમાં તૃતીય અને ફિગર સ્કેટીંગમાં પણ તૃતીય સ્થાન મેળવી બંનેમાં કાંસ્યચંદ્રકો મેળવ્યાં છે.

## ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું સ્નેહમિલન

તા.૯-૧-૨૦૦૦ને રવિવારે સવારે ૯-૦૦ વાગ્યે શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું સ્નેહ-મિલન શાળાના પ્રાંગણમાં રાખવામાં આવ્યું છે.શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ શારદામંદિર એલ્યુમ્ની એસોસિએશનની સ્થાપના કરી છે જેનો મુખ્ય હેતુ જુની યાદ તાજી કરવાનો તથા શાળા સાથે સક્રિય સંપર્ક રાખી શાળાના વિકાસમાં સક્રિય ફાળો આપવાનો અને તે રીતે શાળા પ્રત્યેનું પોતાનું ઋણ અદા કરવાનો છે.આ સ્નેહમિલનમાં હાજર રહી એસોસિએશનના સભ્ય થવા સૌને વિનંતી છે.

## અભિનંદન

**Quest :** Indian Express તરફથી યોજાયેલ Quest માં ચિ.રિશિ લાલચંદાનીને આશ્વાસન ઈનામ મળ્યું છે.

**વકતૃત્વ :** અંધજન મંડળ આયોજીત સ્વ.જગદીશ પટેલ વિજય પદ્મ વકતૃત્વ સ્પર્ધામાં ' વિકલાંગો પ્રત્યેનું સમાજનું ઉત્તરદાયિત્વ ' વિષય પર વકતવ્ય રજૂ કરી કૃપા વ્યાસે દ્વિતીય ઈનામ પ્રાપ્ત કર્યું છે.

Ms.Willy Dewan All Gujarat Inter school English elocution Competition માં ' India and Globalization ' વિષય પર ચિ.પાર્થિવ પરીખે વકતવ્ય રજૂ કરી આશ્વાસન ઈનામ મેળવ્યું છે.

**તરણ સ્પર્ધા :** ગુજરાત વિદ્યાપીઠ ખાતે ગુજરાત રાજ્ય યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ, ગાંધીનગર આયોજીત તરણસ્પર્ધામાં ચિ.વિધિ ભટ્ટે ૧૦૦ મીટર બેક સ્ટ્રોકમાં બીજો નંબર મેળવ્યો છે.

શ્રેયસ અંગસૌષ્ઠવ કેન્દ્ર દ્વારા યોજાયેલ તરણસ્પર્ધામાં ચિ.કુશાન મહેતાએ ૨૫ મીટર ફ્રી સ્ટાઈલમાં દ્વિતીય ઈનામ મેળવ્યું છે.

**સ્કેટીંગ :** ગુજરાત સ્ટેટ રોલર સ્કેટીંગ કોમ્પીટીશનમાં ચિ.અંશિની ભટ્ટે આર્ટીસ્ટીકમાં બીજો નંબર મેળવી રૌપ્યચંદ્રક તથા ફીગર સ્કેટીંગમાં ત્રીજો નંબર મેળવી કાંસ્યચંદ્રક મેળવ્યો છે.

**ચેસ :** ગુજરાત સ્ટેટ ચેસ એસોસીએશન તરફથી સન એન સ્ટેપ કલબમાં ફેબ્રુઆરી ૯૯માં યોજાયેલ ચેસ ટુર્નામેન્ટમાં ચિ.આનંદ ત્રિવેદીએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે. ગુજરાત કલબ ખાતે માર્ચમાં યોજાયેલ ગુજરાત સ્ટેટ ચેસ એસોસીયેશન તરફથી રમાયેલ ચેસ ટુર્નામેન્ટમાં તેણે દ્વિતીય સ્થાન પ્રાપ્ત કર્યું છે.

એશિયન ચેસ ટુર્નામેન્ટમાં ( અન્ડર ૧૦ ) બહેનોમાં ચિ. અનૂરી શાહે ભારતનું પ્રતિનિધિત્વ સંભાળી ચોથું સ્થાન પ્રાપ્ત કર્યું છે. આનંદ ત્રિવેદીએ રેન્કીંગમાં આઠમું સ્થાન મેળવ્યું છે.

ચેસ એકેડમી આયોજીત ચેસ ટુર્નામેન્ટમાં ચિ. સ્વપ્નીલ શાહ ( અન્ડર ૮ ) માં પ્રથમ ( અન્ડર ૧૦ ) માં ચિ.આનંદ ત્રિવેદી દ્વિતીય આવ્યા છે.

અમદાવાદ ચેસ એકેડમી આયોજીત ચેસ ટુર્નામેન્ટમાં ચિ. સ્વપ્નીલ શાહને ગ્રુપ બી માં પ્રથમ તથા ગ્રુપ એ માં ચિ.પરીશા દલાલને પાંચમું ઈનામ મળ્યું છે.

અમદાવાદ ડીસ્ટ્રીકટ ચેસ એસોસીયેશન આયોજીત કારગીલ ચેસ ટુર્નામેન્ટ ૯૯માં ( અન્ડર ૮ ) માં સંવિત શાહને ચોથું ઈનામ તથા આનંદ ત્રિવેદીને પ્રથમ ઈનામ મળ્યું છે.

**ચિત્ર :** યંગ એન્વોયઝ ઈન્ટરનેશનલ તરફથી યોજાયેલ National Exhibition of Arts for Children and young people on Kargil victory માં શીલ શાહ, ચિનાર શાહ, હર્ષિલ છપ્પન, હેત પટેલ, સ્વપ્નીલ શાહ, પ્રાપ્તિ પટેલ, ઉગમ શાહ, સમ્યક શાહ, હીરવા મયાત્રા, પરીશા દલાલ, રાજદીપ દેસાઈ અંશિની ભટ્ટ તથા પ્રાચી દલાલને Diploma of Honourના પ્રમાણપત્રો મળ્યાંછે.

હિંસા વિરોધક સંઘ આયોજીત ચિત્ર સ્પર્ધામાં ચિ.દેવસ્ય જાનીને તૃતીય ઈનામ મળ્યું છે.

International Centre for Entrepreneurship & Career Development આયોજીત ચિત્ર સ્પર્ધામાં ગ્રુપ બી માં ચિ.નીલ શાહ તથા ચિ.મિલિન્દ પરીખને પ્રથમ ઈનામ તથા ગ્રુપ એ માં ઈશાન ઠાકરને બીજું તથા ચિ.શીલ શાહને ત્રીજું ઈનામ મળ્યું છે.

ફીલાટેલીક બ્યુરો તરફથી યોજાયેલ સ્ટેમ્પ ડિઝાઈન તત્કાલ ચિત્ર સ્પર્ધામાં ચિ.વિસ્મય શાહને પ્રથમ ઈનામ ચિ.શૈલી ભારદ્વાજને દ્વિતીય ઈનામ તથા ચિ.ઈશાન ઠાકર, ચિ.નીવા શાહ, ચિ.મિનોલી ચિ.નેન્સી મહેતા, ચિ.મિહિર શાહ તથા ચિ.અભિજ્ઞ શાહને આશ્વાસન ઈનામ મળ્યાં છે.

The Ahmedabad Kennal club and ACE Promotions આયોજીત તત્કાલ ચિત્ર સ્પર્ધામાં ચિ.શિવાંગી ટંકશાળીને આશ્વાસન ઈનામ મળ્યું છે.

**કરાટે :** અર્જુન સ્કૂલ ઓફ માર્શલ આર્ટસ ઈન્ડીયા તરફથી ચિ.અચ્યુત પંચાલને white I બેલ્ટ મળ્યો છે. ચિ.આત્મન ફોજદારને GreenI બેલ્ટ મળ્યો છે.

બૃહદ ગુજરાત સંગીત સમિતિ તરફથી લેવાતી પરીક્ષામાં શાળાનું રીઝલ્ટ ચારે વર્ષનું ૧૦૦ % આવ્યું છે.

## મેળો ( નૃત્યનાટિકા )

તા. ૨-૧-૨૦૦૦ને રવિવારે રાત્રે સવાસાત વાગ્યે મેળાની નૃત્યનાટીકાનો એક સુંદર કાર્યક્રમ શિશુમંદિરનાં બાળકોએ રજૂ કર્યો. નૃત્યનાટિકાનાં આ કાર્યક્રમમાં શિશુમંદિરનાં ૨૦૦ ઉપરાંત બાળકોએ ભાગ લીધો. આ મેળાની નૃત્યનાટિકા આ અગાઉ ચારેક વર્ષ પહેલાં ઠાકોરભાઈ દેસાઈ હોલમાં રજૂ કરવામાં આવી હતી ને ખૂબજ પ્રશંસા પામી હતી. તે વખતે તેનું લાઈવ રેકોર્ડીંગ કરવામાં આવ્યું હતું અને તેની ઓડીયો કેસેટ વાલીઓ માણતાં હતાં આ ઓડીયો કેસેટ ઉપર ફરીથી મેળાનો કાર્યક્રમ કરવાનો પ્રયોગ કરવો તેવો વિચાર સ્ફૂર્યો અને આ કાર્યક્રમ તે રીતે એક સફળ કાર્યક્રમ નીવડયો આ કાર્યક્રમમાં કોરીયોગ્રાફી માટે શ્રી પ્રીતિબેન મહેતાએ ખૂબ મહેનત લીધી હતી. અને ખૂબ ઓછા ગાળામાં આ ૨૦૦ વિદ્યાર્થીઓને તાલીમ આપીને તૈયાર કર્યા હતા. જીવંત ચગડોળ, મેળા માટે ગામડાનું વાતાવરણ તેમજ મેળાની અંદર છૂંદણાં, વાંદરાનો ખેલ જેવા દશ્યો મૂકીને આ મેળાની નૃત્યનાટિકાને જીવંત બનાવવાનો એક સફળ પ્રયોગ તેમણે કર્યો છે તે બદલ તેઓ અભિનંદનને પાત્ર છે. મેળાના ગીતોનું સંગીત નિદર્શન સંસ્થાનાં સંગીત શિક્ષિકા શ્રીમતી પ્રતિમાબેન ત્રિવેદીએ કર્યું હતું તે ખૂબજ કર્ણપ્રિય રહ્યું છે તે અનુભવ કેસેટ સાંભળતા થાય છે. મેળાનાં ગીતોમાં મુખ્ય સૂર સંસ્થાની ભૂતપૂર્વ વિદ્યાર્થિની આનતિ શાહે આપ્યો છે. અમારા બધા કાર્યક્રમોમાં બેન આનતિ હંમેશા ખૂબ ઉત્સાહથી પોતાનું પ્રદાન આપે છે તે બદલ સંસ્થા ગૌરવની લાગણી અનુભવે છે. એક અત્યંત સફળ કાર્યક્રમ વિશાળ વાલી વર્ગે માણ્યો તે જોઈને ખૂબ આનંદનો અનુભવ થયો.

<u>પર્સનાલીટી ડેવેલપમેન્ટ કોર્સ ફોર લેડીઝ</u> જાન્યુ.૧૭મીથી શરૂ થનાર છે. જોડાવા ઈચ્છતી બહેનોએ તાત્કાલિક ઓફિસનો સંપર્ક સાધવો.

તંત્રી ,મુદ્રક,પ્રકાશકઃ **દિનુભાઈ દવે**, આચાર્ય અને નિયામક,
શારદામંદિર, અમદાવાદ-૩૮૦૦૦૭.
EMAIL: shaarad@satyam.net.in